# ભારતીય રિઝર્વ બેંક

www.rbi.org.in

RBI/2017-18/24

DCBR.BPD.(PCB/RCB),Cir.No.02/12.05.001/2017-18 13 જુલાઈ, 2017

ચીફ એકઝીકયુટીવ ઓફિસર
બધી પ્રાયમરી (અર્બન) કો-ઓપરેટીવ બેંકો /
બધી સ્ટેટ કો-ઓપરેટીવ બેંકો/
બધી ડીસ્ટરીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંકો

મહોદય/મહોદયા

**કો-ઓપરેટીવ બેંકો દ્વારા પાસબુક /બેંક સ્ટેટમેન્ટ રેકોર્ડ કરવાની વ્યવહારોની વિગત**

ડીપોઝીટરો ને પડતી અગવડ ટાળવા માટે, બેંક ખાતા ની પાસબુક /બેંક સ્ટેટમેન્ટ માં અસ્પષ્ટ એન્ટ્રી ટાળી ને ટૂંકી અને સ્પષ્ટ વિગતો ની એન્ટ્રી નીશ્ચીતપણે આપવા માટે કો-ઓપરેટીવ બેંકો ને સલાહ આપતા અમારા તારીખ 26 ઓક્ટોબર 2010 ના પરિપત્ર UBD.CO.BPD(PCB) No.18/12.02.001/2010-11 અને તારીખ 22 ઓક્ટોબર 2014 ના પરિપત્ર RPCD.CO.RCB.BC.No.36/07.51.010/2014-15 ના પરિશિષ્ટ ના ફકરા નં. 4.6.3 નું કૃપયા અવલોકન કરો.

2. અમારા ધ્યાન માં આવ્યું છે કે ખાતેદારો ક્રોસચેક કરી શકે તે માટે હજુ પણ ઘણી બેંકો, બેંક ખાતા ની પાસબુક /બેંક સ્ટેટમેન્ટ માં વ્યવહારો ની પુરતી વિગતો આપતી નથી. વધુ સારી ગ્રાહક સેવા ના હિત માં એવો નિર્ણય કરવા માં આવ્યો છે કે બેંકો ખાતા ના વ્યવહાર સંબંધિત ઓછા માં ઓછી પરિશિષ્ટ માં દરશાવ્યા મુજબ વિગતો આપશે. પરિશિષ્ટ માં ઉલ્લેખેલ વ્યવહારો સૂચક છે અને સમ્પૂર્ણ નથી.

3. કો-ઓપરેટીવ બેંકો વખતો વખત સુધારા ને અધીન 'ડીપોઝીટ ઈન્સ્યુરન્સ કવર 'ની વિગતો કવરેજ ની મર્યાદામાં પાસબુક માં સમાવશે.

આપનો વિશ્વાસુ,

(નીરજ નિગમ)
મુખ્ય મહા પ્રબંધક

# પાસબુક /બેંક સ્ટેટમેન્ટ માં રેકર્ડ કરવાના દ્રષ્ટાન્તરૂપ વર્ણનો

| I | ઉધાર એન્ટ્રીઓ | |
|---|---|---|
| a | ત્રાહીત વ્યક્તિને પેમેન્ટ | i. પેમેન્ટ મેળવનાર નું નામ<br>ii. પેમેન્ટ ની રીત: ટ્રાન્સફર, ક્લીયરીંગ, આંતર બ્રાંચ વ્યવહારો, RTGS/NEFT, કેશ, ચેક (નંબર)<br>iii. જો પેમેન્ટ ક્લીયરીંગ, આંતર બ્રાંચ વ્યવહારો, RTGS/NEFT થી કરેલું હોય તો ટ્રાન્સફરી બેંક નું નામ |
| b | 'સેલ્ફ' પેમેન્ટ | i. પેમેન્ટ મેળવનાર નું નામ તરીકે 'સેલ્ફ' બતાવવું<br>ii. જો પેમેન્ટ ATM કે બીજી બ્રાંચ થી કરેલું હોય તો ATM / બ્રાંચ નું નામ |
| c | ડ્રાફ્ટ/પે ઓર્ડર /બીજા કોઈપણ પેમેન્ટ ઈનસ્ટ્રયુંમેન્ટ ઈસ્યુ કરવા | i. પેમેન્ટ મેળવનાર નું નામ (ટૂંકમાં /ટૂંકા અક્ષર માં)<br>ii. ડ્રોઈ બેંક/ બ્રાંચ/ સર્વિસ બ્રાંચ નું નામ |
| d | બેંક ચાર્જીસ | i. ચાર્જીસ નો પ્રકાર: ફી/કમીશન/દંડ/પેનલ્ટી વિગેરે<br>ii. ટૂંક માં ચાર્જીસ નું કારણ –દા.ત. ચેક રીટર્ન(નંબર), કમીશન/ ડ્રાફ્ટ ઈસ્યુ ની ફી /રેમીટન્સ(ડ્રાફ્ટ નંબર), ચેક કલેક્શન ચાર્જ (નમ્બર), ચેક બુક ઈસ્યુ, એસ એમ એસ એલર્ટ , ATM ફી, વધારાનો કેશ ઉપાડ વિગેરે. |
| e | ખોટી ક્રેડીટ નું રિવર્સલ | i. રીવર્સ કરેલી મુળ એન્ટ્રી ની તારીખ<br>ii. ટૂંક માં રિવર્સલ નું કારણ |
| f | લોન ના હપ્તા /લોન ના વ્યાજ ની ઉઘરાણી | i. લોન ખાતા નંબર<br>ii. લોન ખાતા ધારક નું નામ |

| | | |
|---|---|---|
| g | ફિક્ષ ડીપોઝીટ/ રીકરીંગ ડીપોઝીટ બનાવવી | i. ફિક્ષ ડીપોઝીટ/ રીકરીંગ ડીપોઝીટ ખાતા/રસીદ નંબર<br>ii. ફિક્ષ ડીપોઝીટ/ રીકરીંગ ડીપોઝીટ ખાતા ધારક નું નામ |
| h | POS માં વ્યવહારો | i. વ્યવહાર ની તારીખ,સમય અને ઓળખ નંબર<br>ii. POS નું સ્થાન |
| i | અન્ય | i. ઉપર દર્શાવેલી રીતે જ પુરતી વિગતો પૂરી પાડવી |

**નોંધ: એક કરતાં વધારે ક્રેડીટ વાળા ખાતા માં એકજ ઉધાર એન્ટ્રી હોય તેવા કેસ માં પેમેન્ટ મેળવનાર નું નામ /ખાતા નંબર / બ્રાંચ / બેંક ની વિગતો નોંધવાની જરૂર નથી.અલબત્ત, 'એક કરતાં વધારે પેમેન્ટ મેળવનાર ના નામ બતાવવાના રહેશે.**

| II | જમા એન્ટ્રીઓ | |
|---|---|---|
| a | કેશ ડીપોઝીટ | i. તેને "કેશ ડીપોઝીટ" તરીકે બતાવો<br>ii. જમાં કર્તા નું નામ –સેલ્ફ કે ત્રાહિત પાર્ટી |
| b | ત્રાહિત પાર્ટી પાસેથી રીસીપ્ટ | i. રેમીટર / ટ્રાન્સફરર નું નામ<br>ii. રીત: ટ્રાન્સફર, આંતર બ્રાંચ, RTGS/NEFT, કેશ વિગેરે<br>iii. જો આંતર બ્રાંચ ટ્રાન્સફર વ્યવહાર, RTGS/NEFT થી પેમેન્ટ મેળવેલ હોય તો ટ્રાન્સફર કરનારી બેંક નું નામ |
| c | પેમેન્ટ કરેલા ક્લીયરીંગ/ કલેક્શન /ડ્રાફ્ટની ની પ્રોસીડ | i. ડ્રાફ્ટ ઈસ્યુ કરનાર બેંક નું નામ<br>ii. ડ્રાફ્ટ અને ચેક ની તારીખ અને નંબર |
| d | ખોટા ડેબીટ નું રિવર્સલ (ચાર્જ સાથે) | i. રીવર્સ કરેલી મુળ ડેબીટ એન્ટ્રી ની તારીખ<br>ii. ટૂંક માં રિવર્સલ માટે ના કારણો |
| e | ડીપોઝીટ ઉપર વ્યાજ | i. વ્યાજ બચત ખાતા યા ફિક્ષ ડીપોઝીટ ઉપર ચુકવ્યું છે તે દર્શાવો.<br>ii. જો ફિક્ષ ડીપોઝીટ ઉપર વ્યાજ ચૂકવેલ હોય તો સમ્બન્ધિત ફિક્ષ ડીપોઝીટ ખાતા/રસીદ નંબર દર્શાવો |
| f | ફિક્ષ ડીપોઝીટ/ રીકરીંગ ડીપોઝીટ ની મેચ્યુરીટી પ્રોસીડ | i. ફિક્ષ ડીપોઝીટ/ રીકરીંગ ડીપોઝીટ ખાતા ધારક નું નામ<br>ii. ફિક્ષ ડીપોઝીટ/ રીકરીંગ ડીપોઝીટ ખાતા /રસીદ નંબર<br>iii. પાકતી તારીખ |
| g | લોન પ્રોસીડ | લોન ખાતા નંબર |
| h | અન્ય | પુરતી વિગતો આપવી |